રંગસારકૃત "ગિરનાર ચૈત્યપરિપાટી"

સંપા. (સ્વ.) અગરચંદ નાહટા — પં. બાબુભાઈ સવચંદ શાહ

પ્રથમ સંપાદકના સંગ્રહની સં.૧૭૨૪/ઇ.સ. ૧૬૬૮માં લખાયેલી, મૂળે પંદરમા શતકના અન્તિમ ચરણમાં રચાઈ હશે તે, ખરતરગચ્છીય ભાવહર્ષ ગણિના શિષ્ય રંગસારની આ ૨૨ કડીમાં વહેતી મરુગૂર્જર ભાષામાં રચાયેલી સુલલિત રચના છે. કાવ્યનું લક્ષ ગિરિરાજ ગિરનાર પર રહેલા જિન-મન્દિરોને વન્દના દેવાનું છે.

પ્રારંભમાં ભગવતી સરસ્વતીનું સ્મરણ કરી (૧), કવિ જૂનાગઢ (ઉપરકોટ)માં રહેલ જિન ઋષભ અને જિન વીરને પ્રણામ કરે છે. (૨). એ પછી ગિરનાર તળેટી સુધી પહોંચતાં જોવા મળતી વનશ્રીની શોભા વર્ણવે છે (૩). ત્યારબાદ વ્યવહારિ બાહડદેએ (વાગ્ભટ્ટદેવે) કરાવેલ પાજનો ઉલ્લેખ કરી, નદી સોનરેખનો નિર્દેશ દઈ, ઉપર (દેવ)–ગઢની "પ્રોલિ" (પ્રતોલી)માં પ્રવેશે છે (૪). ત્યાં તીર્થપતિના દંડકલશયુક્ત ભવનની કૌતુકકોરણી જોઈ, અંદર પદ્માસનસ્થ નેમિકુમારના દર્શન કરે છે (૫). સાથે જ સજ્જન મંત્રીના ઉદ્ધારને અને તે પૂર્વના રત્ન શ્રાવકે અમ્બિકાની સન્નિધિમાં પ્રતિષ્ઠાવેલ બિંબની કથાને યાદ કરે છે (૬). તે પછી નેમિનાથની સ્નાત્ર પૂજાદિ કરી (૭–૮), ભમતીમાં પ્રદક્ષિણા દેતે સમયે ત્યાં રહેલ સમ્મેતશિખર પટ્ટ, રથનેમિ–રાજીમતી, તથા નંદીશ્વરપટ્ટને જુએ છે (૯). ને (વસ્તુપાલકારિત) શત્રુંજયાવતાર(ના મંદિર વિષે) ગુરુમુખે સાંભળેલ વાતને યાદ કરે છે (૧૦). ભમતીની ૭૨ દેહરીઓ અને 'આપમઢ' (અપાપામઢ)ને ઉલ્લેખી (૧૧) ત્યાંથી ખરતરવસહીમાં આવે છે (૧૨). ત્યાં સંપ્રતિરાજાએ કરાવેલ પીતલમય વીર જિનેશ્વર, ફરતા બાવન જિનાલય અને તેની નવનવી કોરણી વિષે કહે છે (૧૩). ત્યાંથી નીકળીને નેમિનાથના મંદિરથી હેઠાણ આવેલા અને સોની સમરસિંહ માલદેએ (સં. ૧૪૯૪/ઇ.સ. ૧૪૩૮)માં ઉદ્ધારાવેલ કલ્યાણત્રયની ત્રણ ભૂમિમાં કાયોત્સર્ગમાં રહેલ નેમિકુમારની પ્રતિમાઓને વંદે છે (૧૪–૧૫). તે પછી વસ્તુપાલ–તેજપાલે બાર કોટી દ્રવ્ય ખર્ચી કરાવેલ અષ્ટાપદ અને સમ્મેત શિખરની રચનાવાળા, કસોટીના પથ્થરના થાંભલાવાળા, નવીનવી કોરણીયુક્ત મંદિર (વસ્તુપાલ–વિહાર)ને વાંદી; ગજેન્દ્રપદ કુંડ જોઈ, રાજીમતી–રથનેમીના સ્થાનમાં નમી (૧૬), અંબાદેવીના ટૂકે જાય છે (૧૭). ત્યાંથી અવલોકના શિખર, કે જ્યાં એક કોટી યાદવો સાથે નેમિનું નિર્વાણ થયેલું, ત્યાં કવિ–યાત્રી જાય છે (૧૮). ત્યાં ઊભા રહી લાખાવન જોઈ, આગળ સાંબ અને પ્રદ્યુમ્નના શિખરોને નમી, (પ્રદ્યુમ્ન શિખરે રહેલા), સિદ્ધો વિનાયકનું ચિંતવન કરી (૧૯), સહસ્રામ્રવનમાં નેમિચરણ વાંદવા જાય છે; ને હવે જૂનાગઢ પાછા વળવા પોતાના તરસતા મનની વાત કરી (૨૦), નેમિનાથના ગુણ ગાતાં (૨૧), ચૈત્યપરિપાટી પૂરી કરે છે. છેલ્લી કડીમાં કર્તા પોતાનું 'રંગસાર' નામ પ્રગટ કરે છે (૨૨)

તીર્થ સ્થિત જિનાલયો સમ્બદ્ધ કોઈ વિશેષ નવી વાત અલબત્ત આમાં નથી. પણ કવિની નિખાલસ અને કાવ્યમય વાણીમાં જાણિતી હકીકતો પણ પુનઃ રસમય બને છે.

આ ચૈત્યપરિપાટીની નકલ પ્રથમ સંપાદક બિકાનેર શ્રી અભય જૈન ગ્રન્થાલયની પ્રતિસંખ્યા ૭૭૨૦ પરથી વર્ષો પહેલાં ઉતારી લીધી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંગસાર કૃત ગિરનાર ચૈત્ય પરિપાટી

સરસતિ સાંમણી ગજગતિ ગાંમણી, દઈ મુઝ વિમલ મતિ અતિ ઘણી એ ।
શ્રીગિરનારગઢ–ચૈત્ર પરવાડિ, વિરચિસુ રંગ રલીયાંમણી એ ॥૧॥
જૂનએ ગઢ સિર રિસહ જિણ વીર ખીરનીરોઈ જિમ નિરમલઉ એ ।
પૂજવિ પણમવિ પેખવિ નિઈ નયણ સુધ્ધ સમકિત કીયઉ ઉજ્જલઉ એ ॥૨॥
હિવ ગિરી સિહર આરોહવા કારણઈ પાજઈ પહુચતાં પરમ પીત્ર ।
વાવિ દ્રહ કુવ વણરાઈ અભિરાંમ પેખતાં ગહગહઈ નીયઈ ચીત ॥
ફુલીય ફલીય નવ વલ્લીઈ પૂ એક એકણથકી અતિભલીય ।
વનસપતી અતિપરમલ મહુકતી ગહુકીતી કોઈલ તાહિ વલીઈ ॥૩॥
સેસ તે છિ લાખવિતા કરિ મુણહરિ સોહલી પાજ ગિરનાર ।
ગિરે તે ધન્ન તે બાહડદે બ્યાપારય જેણ કરાવીય હરખ ભાર ॥
સોવન રેહન નિરમલ નીર વહઇ, ગિર અંતર અતિ ઉદાર ।
અનુક્રમ પરવહઈ ખિસતાં જોવતાં પહતલા ગઢતણિ પ્રોલિ બાર ॥૪॥

ઢાલ

દીઠા દૂર થકી ભવણ, ડંડ કલસ સુવિસાલા ।
કોરણી કઉતિગ જોવતહાં જોવઈ અબલ પૂરવદિસ પદમાસણહ
બયઠા નેમકુમાર ॥૫॥
સાજણમંત્ર કરાવીયા એ જો જીરણ ઉધ્ધાર ।
કાંચણબલાણા થકીય રતન સાવક આંણ ।
અંબકદેવી સાનિધ્ધહાં મંડઈ એહ વિનાન ॥૬॥
નેમિ [જિ]ણેસર દંસણહાં મન હુઉ આણંદ ।
જિમ ગયંદ રેવાનદીય નિસ ચકોર જિમ ચંદ ।
નિરમલ નીરઈ કલસ ભરે પખાલલિ જિન અંગ ।
ઘન ચંદન ઘનસાર ઘસે પુજસિ નવ નવ ભંગે ॥૭॥
આગલિ નાચસિ ભાવસું એ ગાઈસ મધુરઈ સાદ ।
ઈણપરિ પૂજસિ નેમજિણ ટાલિસ પંચ પ્રમાદ ॥૮॥

ઢાલ

ભમતીઇ એ જિણચઉ વીસ સિરસમેત અબતાર સાર ।
રાઈમઈ એ સિર રહનેમ દીવ નંદીસરનઉ વિચાર ॥૯॥
સેતુંજ એ પ્રમુખ અવતાર સાંભલિયા હુંતા ગુરુવયણે ।
તેહવ એ કાલવસેષ મઈ નવ દીઠી નીય નયણ ॥૧૦॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહરી એ બહુતર સાર આપમઢ નેમજિણુ ।
સીધરૂ એ જિણુ તિણુ તીથ જસ સુરત નવ નવઈ મણુ ॥૧૧॥
અઈણિ પરુ એ આદ અવલોઈ નિરખિવા ।
આવીઆ હરિ દુવાર
ઈણિ ગિરઈએ નેમવિહાર આવીયા ખરતરવસહી વાર ॥૧૨॥

ઢાલ

સંપતિ રાય કરાવિ મુણુહર પીતલમઈ શ્રી વીરજિણેસર
ખરતર[વ]સહીમાહે પાખતીયાં બા[વ]ન જિણાલ
નવલ નવલ કોરણીય નિહાલ ટાલઉ કુમતિ કસાય ॥૧૩॥
નમીયઈ નેમભવણુથી સનમુખ કિલાણુમય
નમિય ચન્ન મુખ સુખ સંપત જસ નામ
ધન ધન સોનીવંસ પ્રભાવક સમરસંઘ માલદેસુ
શ્રાવક જિણુ કરી ઉધ્ધાર ॥૧૪॥
તિણુ ભુમીપતિ જિણુવર વારઈ કાઉસગ રહીયા નેમકુમાર ।
પઢમ ભુમિ પેખેવિ સંવત ચવદ ચઉરાંણું વચ્છર
ઉધરીયા જિણુભવણુ મનોહર ભૂધર જેમ ઉતંગ ॥૧૫॥

દૂહા

અસટાપદ ડવી દિવઈ દાંહિણુ દિસ સંમેત
વસતપાલ તેજપાલ બે કરાવીયા ગુણુગેહ
બાર કોડિ લખા અસી ખરચીવિ તસુ ઠામ
કસવટથંભા કોરણી નવી નવી તિણુ ઠામ
જોઈ કુંડગયંદમઉ સહસબધ અભિરાંમ
કાજલકુંડ રાજીમતી રહનેમીનઉ ઠામ ॥૧૬॥
કેઈ નિરક્ષ્યા નિય નયણુ કેઇ સુણિયા કાંન
અવર વિહાર અછઈ તિહાં તેહિ વન કીયા ગાંન
પઢમ ટુક ઈમ ફરસીય અંબકદેવ પસાય
હિવ અંબકટુંકય ચઢી નિરખી અંબકુમર ॥૧૭॥

ઢાલ સોરઠી

અવલુંણા રે સિહરય નેમ નિહાલીયઈ
નાનસલા રે પેખી પાપ પખાલીઈ
ચઉપન દિન રે નેમીસર કાવસગિ રહ્યા
છઠ કોડી રે યાદવ કુમર મુગતિ ગયા ॥૧૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈણુ ગિરવર રે ઉચ ટુંક અવર નહી
લીખાવન રે નિરખી ઈહાં ઊભા રહી
હિવ આગલ રે સંબ પ્રજુન નમી કરી
દુર[ઈ....દી]ડી સીધ-વિનાઈક મન ધરી ॥૧૯॥
સહસાવન રે નેમ ચરણુ રલીયામણુા
ભાવઈ નમું રે પુંન કીયા પોતઈ ઘણુા
કિતલઈક રે ઈણુ પરિ ગિરવર ફરસીઈ
જૂનય ગઢ રે હિવ જાઈવા મન તરસીઈ ॥૨૦॥
ઈણુ પરિ કીરે ચેત્રપરવાડ સુહાંમણી
વીનવીયા નેમીસર ત્રિભુવનધણી
ઉલગડી રે હું કરિસું જિન તાહરી
મુઝ આપઉ રે સિદ્ધ બુદ્ધિ સંપદ ઘણી ॥૨૦॥
ઈમ તવીયા શ્રી શ્રીગિરનારરાય શ્રીયતાવહર સુહ ગુરુપસાઈ
જય વંછીયપૂરણુ વીરરાઈ **રંગસાર** નમઈ મનરંગ પાય ॥૨૧॥
ઇતિ શ્રીનેમનાથ વૃદ્ધ સ્તવનં । સમાપ્તં ॥ શ્રી ॥ છ ॥
પવઈણુલિખતં । શ્રી । સુભં ભવતુ । સાધ્વી હીરી વચનારથં ।
વિનયેન વિદ્યા ગ્રાહ્યા, પુષ્કલેન ધનેન વા ।
અથવા વિદ્યયા વિદ્યા, ચતુર્થં નાસ્તિ કારણં ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org